

# આહ્વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Dr. Emanuel S. Kant
Ph. : 079-25503545 (M) 8780130474

વર્ષ - ૫૩ | ઓક્ટોબર - ૨૦૨૪ | પત્ર - ૧૩૪

## મનન

ખ્રિસ્ત ઈસુમાં મંડળીનાં સર્વ વ્હાલાઓ,

આપ સર્વને પ્રેમી સલામ.

આ માસમાં લે-પ્રવૃત્તિ સન્ડે તથા વીકની ઉજવણી તેમજ પાળક પ્રસંશાદિન રાખેલ છે. સાથે સાથે ગુજરાત રીજીનલ કોન્ફરન્સમાં ઓક્ટોબર માસ દરમિયાન આવતા તમામ રવિવારોમાં દશાંશ અંગે શિક્ષણ આપવું, તેમજ છેલ્લો રવિવાર દશાંશ સન્ડે ઉજવવાનુ આયોજન કરવામાં આવ્યું છે. તે મુજબ આપણી મંડળીમાં પણ દશાંશ માસ ઉજવવામાં આવશે. તેમજ પ્રથમ રવિવાર વિશ્વ પ્રભુભોજન દિન છે.

આ દિવસોમાં સોશ્યલ મિડિયામાં લોકોના મંતવ્ય રીએક્શનને કલ્પી ન શકાય તે હદ સુધી દાનનો વિરોધ, તેમાં અવરોધ ને તદ્દન વાહીયાતને બાલીશ રજૂઆતો કરવામાં આવે છે. દાન એકત્ર કરનાર કારભારી, વ્યક્તિ કે સંસ્થાઓ વતી દાન એકત્ર કરનારને જથ્થાબંધમાં સલાહ, સૂચનો, શિખામણો આપનારાનો રાફડો ફાટી નીકળે છે. કેટલાક વળી અમે દાન આપીએ છીએ, તમે તેનું શું કરશો ? ક્યાં વાપરશો ? મારા ૧૦૦ રૂ. ક્યાં વાપર્યા આવી રજૂઆતો કરે છે. કદાચ તમે સાચા છો ? આવું પૂછવું જ જોઈએ.તેની સામે હું વ્યક્તિગત એ પણ માનું છું કે સરકારનાં નિયત કર (ટેક્ષ) આપણે ભરીએ છીએ. આખી સરકાર તેનાં પર ચાલે છે. જો તમે મંડળી/સંસ્થા સામે શંકાની સોય, પ્રશ્નોની વણઝાર વરસાવો છો તો સરકારની સામે તમે શું કરો છો ? શું જે પ્રશ્નો દાન આપતા કરો છો, તેવો એકાદ પ્રશ્ન સવલત, સુવિધા, સગવડ સ્વચ્છતા માટે તમે કદી સરકારની સામે કર્યો છે ? ના - કાઈસરનાં. તે કાઈસારને દેવના તે દેવને આ સમજ જરૂરી છે.

છતાં હું માનું છું કે આ પ્રકારની સરખામણીની વાત ને દેવનાં તે દેવને. છતાં ઈશ્વરના મહિમાને તેનાં રાજ્યની વૃદ્ધિ માટે દાન જરૂરી છે. તે અંગેનું શિક્ષણ પ્રભુનાં વચનમાં શરૂઆતથી આપવામાં આવેલ છે. જગતનાં તમામ ધર્મોમાં પુરાતનકાળથી જે સામાન્ય બાબત છે તે કે અનુયાયીઓ એ ધર્મના કામ-કાજને માટે તેમની આવક-જાવકને સ્થાવર જંગમ મિલકતમાંથી અમુક હિસ્સો ધર્મને માટે આપવો. રોમન ૨:૧૫. મનુષ્ય એ સમજ ધરાવે છે, અમારો ઉત્પન્નકર્તા ઈશ્વર છે, તેનાં કારણે અમારા શ્વાસોચ્છવાસ ચાલે છે. તેથી તેને આપવું, તેથી તે હોમ, હવન, યજ્ઞ, અર્પણ, ઈશ્વરને ચઢાવે છે, આપે છે. દાન, દક્ષિણા, ખેરાત, જકાત ધર્મના કામે લોકો પુજારી, સેવક,સાધુ, મૌલવી, પાદરી જેનો હેતુ તે ધર્મના વિકાસ, વૃદ્ધિ, વિસ્તરણ મુખ્ય છે આપવાના કારણો, ગમે તે હોય, શુભ-માંગલિક કાર્ય, નિયમિત, ઉત્સવો, તહેવારો, માનતાઓ પૂરી થતાં પરંતુ દાન આપવું તે દરેક ધર્મમાં છે. ઘણાં મંદિરો, મસ્જિદો, મઠોમાં જે દાન છે તે બેસુમાર બે હિસાબ છે તોય ખ્રિસ્તી વિશ્વાસનાં લોકો તે પ્રમાણે દાન આપતા નથી.

ખ્રિસ્તીવિશ્વાસની વ્યક્તિએ જીવંત ઈશ્વરનો આભાર માનતા તેનાં પર થયેલા ઉપકારોનો બદલો વાળવો. સારા તથા સંપૂર્ણ દાનોનો દાતા ઈશ્વર છે. તું પામ્યો ન હોય એવું તારી પાસે શું છે ? લુક ૧૬:૫. મારા ધણીનું (જીવતા ઈશ્વરનું) તારે કેટલું દેવું છે ? આ વચનો પરનાં વિશ્વાસમાં દ્રઢ થઈને આપવું. પ્રકૃતિ પરનું સર્વ, પૃથ્વી તથા તેનું સર્વસ્વ ઈશ્વરનું છે. તો આપણું શું છે ? તો જેનું છે, તેને જ આપણે આપવાનું છે. એટલે આભારી ભાવથી આપીએ. ઈશ્વર રક્ષણ કરનાર, પોષણ કરનાર છે. તેથી ઈશ્વરને આપવું તે આપણી ફરજ છે. વાંધા વચકા, કટુ વહેણ કહીને ન આપનારા નગુણાનો તોટો નથી.

આપવા વિષે કેટલું આપવું ? ક્યારે આપવું ? ક્યાં આપવું ? વિગેરે પ્રશ્નોનો જવાબ પ્રભુનાં વચનમાં છે. માલાખી ૩:૧૦ આપેલ છે. આપણી આવકનો ૧૦ મો ભાગ, ૧૦૦માંથી ૧૦ તે ઈશ્વરનાં છે. જો ઈશ્વરનો હિસ્સો કે ભાગ આપણે આપતા નથી તો વિશ્વાસમાં આપણે સંપૂર્ણ નથી, જીવંત ઈશ્વર પર આપણો વિશ્વાસ તે અધૂરો છે. અથવા આપણે ઈશ્વરની દ્રષ્ટિમાં લૂંટારાની ટોળી સમાન ગણાઈશું, લેવું ને આપવું નહિ, આ નીતિ કદી ન અપનાવીએ. રોજની આવક, અઠવાડિક આવક,માસિક આવક, વાર્ષિક આવક, પેન્શન કે સર્વ પ્રકારની આવકનો ૧૦મો ભાગ તે કેવળ જીવતા ઈશ્વરનો છે. તેના મંદિરનો છે. તે સિવાય તમે આપો તે ઉચ્છલીયાર્પણ આભાર અર્પણ, અન્ય સંસ્થાઓ પ્રભુ મંદિરોના બાંધકામ માટે તે વધારાનું દાન છે. દશાંશના ભાગ પાડવાના નથી. તમારી કમાણી તમે ને ઈશ્વર જાણે છે. માટે જેમ પ્રત્યેક પોતાના હૃદયમાં અગાઉથી ઠરાવ્યું છે તેમ આપવું. ૧ કરિંથી ૯:૭. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે આપણે આપીએ.

## મહિલામંડળ અહેવાલ

માનનીય પાળકસાહેબ, પાસ્ટોરેટ કમિટીના સભ્યો તથા શાહપુર મંડળીના સભાજનોને આનંદ સાથે જણાવવાનું કે અમદાવાદ ડિસ્ટ્રીકટ વેસ્ટ મહિલામંડળ દ્વારા ગુજરાત રીજીનલ મહિલામંડળના આયોજન મુજબ તા. ૧-૯-૨૪ના રવિવારે પ્રેરિતોના કૃત્યો અધ્યાય ૧ થી ૧૫ની બાઈબલ ક્વીઝ લેવામાં આવી હતી. તેમાં આપણી મંડળીના શ્રીમતી ડાયનાબેન એમ. ચૌહાણે ૫૦માંથી ૪૮ માર્કસ મેળવી બીજો નંબર મેળવ્યો છે. તેમને ડિસ્ટ્રીક્ટ મહિલામંડળ તરફથી શિલ્ડ આપવામાં આવ્યો છે. શ્રીમતી ડાયનાબેનને અભિનંદન.

સર્વને જણાવતાં આનંદ થાય છે કે તા. ૮-૯-૨૪ના રવિવારે અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ મહિલા મંડળ દ્વારા ગુજરાત રીજીનલ મહિલામંડળના આયોજન મુજબ ગ્રુપ સોંગ કોમ્પીટીશન રાખવામાં આવી હતી. તેમાં શાહપુર ચર્ચના મહિલામંડળે પ્રથમ નંબર મેળવ્યો છે. અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ મહિલા મંડળ તરફતી શિલ્ડ આપવામાં આવ્યો છે. તમામ મહિલામંડળની બહેનોને અભિનંદન.

**આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.**

## ગત માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

- તા.૧-૯-૨૪, ભજનસેવામાં મેજની સંગતમાં જોડાયા. શિક્ષકદિન નિમિત્તે પ્રિ.કે.ઉ.સ. દ્વારા વિવિધ ક્ષેત્રોમાં શિક્ષક તરીકે સેવા આપનારનું સર્વનું ફૂલો-પેન આપીને બહુમાન કરવામાં આવ્યું. પાળક પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૮-૯-૨૪ શુક્રવાર પાળક રેવ. ઈ.એસ.કાન્ત મેથોડિસ્ટ ચર્ચ રાયખડ, વિદાય હોવાથી ગયેલ. શ્રી એન્થોનીભાઈએ ભજનસેવાનું લીડીંગ કરેલ. પાસ્ટર નોએલ આર. ક્રિશ્ચિયન પ્રભુનું વચન લાવેલ. ભજનસેવામાં સુરત બેરશેબા ચર્ચના પાળક રેવ. નિકાનોર કાન્ત ઉપસ્થિત રહેલ.
- તા. ૧૫-૯-૨૪ ભજનસેવા ડિસ્ટ્રીક્ટ દ્વારા પુલ્પીટ એક્સચેન્જ સન્ડે નિમિત્તે મેથોડિસ્ટ ચર્ચ ગાંધીનગરનાં પાળક રેવ. કેતન પરમાર પ્રભુનું વચન લાવેલ તથા શ્રીમતી એસ્તરબેન હાજર હતા. સ્થાનિક પાળક આમેન મેથોડિસ્ટ ચર્ચ લાંભા ખાતે ગયા હતા. ભજનસેવાનું લીડીંગ શ્રી આલાપ માસ્ટર દ્વારા કરવામાં આવેલ.
- તા. ૨૨-૯-૨૪ ભજનસેવા પાળક રેવ. ઈમાનુએલ કાન્ત પ્રભુનું માન્ય વર્ષ આધારે વચન લાવેલ.
- તા. ૨૯-૯-૨૪ ભજનસેવામાં પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તી વચન લાવ્યા. વિદાય પ્રસંગે કુટુંબ સાથે ઉપસ્થિત રહેલ. મંડળી તરફથી, સન્ડેસ્કૂલ, મહિલામંડળ તરફથી વિદાય આપેલ. ત્યારબાદ મંડળીનાં સર્વ વ્હાલાઓ માટે જમણની વ્યવસ્થા કરેલ.
- તા. ૨૦-૯-૨૪નાં શુક્રવાર સિવાય બધા જ શુક્રવારે પ્રાર્થના સંગત, બાઈબલ અભ્યાસમાં મળેલ.

## આવનાર માસના કાર્ય તરફ દૃષ્ટિપાત

ઓક્ટોબરમાં શુક્રવાર પ્રાર્થના સંગત બાઈબલ અભ્યાસમાં મળીશું.

- તા. ૬-૧૦-૨૪ 'વિશ્વપ્રભુભોજન દિવસ' નિમિત્તે મેજની સંગત લે-પ્રવૃત્તિ સન્ડેની ઉજવણી. વક્તા : ડૉ. રીટાબેન કુમાર (વિવી નગર આણંદ). વી.બી.એસ. ટીચર્સ ટ્રેઈનીંગ અગાપે ચર્ચ, મારીયાપાર્ક, રાણીપુર
- તા. ૧૩-૧૦-૨૪, ભજનસેવા
- તા. ૨૦-૧૦-૨૪, ભજનસેવા
- તા. ૨૭-૧૦-૨૪, ભજનસેવા

## નાણાંકીય અહેવાલ ઓગસ્ટ- ૨૦૨૪

| | | |
|---|---|---|
| **તા.૧-૮-૨૪ ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૨૩૫૨૫.૦૦** |
| | **બેંક** | **૭૪૧૫૮૮.૫૯** |
| **તા.૩૧-૮-૨૪ સુધીની** | **આવક** | **૧૩૫૦૨૯.૦૦** |
| | **કુલ** | **૯૦૦૧૩૪.૫૯** |
| **તા.૩૧-૮-૨૪ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૩૨૭૮.૦૦** |
| | **બેંક** | **૮૦૮૪૮૮.૫૯** |
| **તા.૩૧-૮-૨૪ સુધીનો** | **ખર્ચ** | **૮૮૩૬૮.૦૦** |
| | **કુલ** | **૯૦૦૧૩૪.૫૯** |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**

## બાળ રિટ્રીટ અહેવાલ

'બાળકોને મારી પાસે આવવા દો, તેઓને વારો મા, કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે.'

તા. ૭-૯-૨૪ શનિવાર સવારે ૧૦:૦૦ થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધી મેથોડિસ્ટ ચર્ચ, રાયખડમાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા 'બાળ રિટ્રીટ'તથા 'શિક્ષક તાલીમ સેમિનાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો મુદ્રાલેખ હતો, 'એમ દોડો કે તમને ઈનામ મળે.' (૧ કરિંથી ૯:૨૪)

શાહપુર મેથોડિસ્ટ ચર્ચમાંથી ૧૬ બાળકો, પાંચ શિક્ષકો, રેવ. ડૉ. ઈમાનુએલ કાન્ત સાહેબ તથા શ્રીમતી ઉષાબહેન કાન્તે હાજરી આપી હતી. કુલ ૮ મંડળીના ૧૫૦ બાળકો તથા ૩૦ શિક્ષકો, પાળક સાહેબો તથા પાળક પત્નીઓએ પણ ભાગ લીધો હતો.

'આમેન' મેથોડિસ્ટ ચર્ચ (લાંભા) દ્વારા સમગ્ર સેમિનારને સ્પોન્સર કરવામાં આવ્યો હતો. બાળકોને શ્રીમતી એસ્તરબેન પરમારે મુક્ત અભિનય સાથે ખૂબ જ ઉત્સાહતી ગીતો શીખવ્યા હતા. શ્રી ચિરાગભાઈ પરમાર અને ડિ.સુ. રેવ. જશવંત મેકવાન સાહેબે બાળકોમાં વચનની સેવા આપી હતી.

શિક્ષકો મધ્યે વચનની સેવાગાંધીનગરના પાળક સાહેબ રેવ. કેતન પરમાર સાહેબે આપી હતી અને બાઈબલ અભ્યાસ કરાવ્યો હતો.

ઈશ્વરપિતાના મહિમામાં 'બાળ રિટ્રીટ' અને તાલીમ સેમિનાર ખૂબ જ આશીર્વાદિત અને સફળ રહ્યો માટે ઈશ્વરપિતાનો આભાર.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | ડોરીન નિલેષ ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૨. | જીમી સેમ્યુલ ક્રિશ્ચિયનૌ | આ.સ્તુ. | ૫૦૦ |
| ૩. | એમ્બ્રોઝ પેટ્રીક | બર્થડે | ૫૦૦ |
| ૪. | આર્થર એ. પેટ્રીક | બર્થડે | ૨૦૦ |
| ૫. | જીનલ ચિરાગભાઈ વરસડા | બર્થડે | ૫૦૦ |
| ૬. | રેનોલ્ડ નિલેશ ક્રિશ્ચિયન | બર્થડે | ૫૦૦ |
| ૭. | એલેક્ષ નોએલ ક્રિસ્ટી | બર્થડે | ૩૦૦ |
| ૮. | નોએલ એશ. ક્રિસ્ટી | બર્થડે | ૨૦૦ |
| ૯. | સુનિલ કે. મેકવાન | બર્થડે | ૧૦૦૦ |
| ૧૦. | સુનિલ કે. મેકવાન (દી. અર્પિતાના કુટુંબમાં પુત્રદાન પ્રાપ્ત થતા) | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૧. | નિલેષ એસ. ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૧૨. | ઉષા ઈ. કાન્ત | પુ.ફંડ | ૫૦ |
| ૧૩. | ઉષા ઈ. કાન્ત | એ.ફંડ | ૫૦ |

**વી.બી.એસ.**

આપણી મંડળી દ્વારા આયોજીત વી.બી.એસ. તા. ૨૮-૧૦-૨૪ થી ૩-૧૧-૨૪ દરમિયાન 'તેમની પાંખોની છાયામાં' મુદ્રાલેખ આધારિત આયોજન કરવામાં આવેલ છે.

## BIRTHDATE IN OCTOBER

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩/૧૦ | તેજસ્વી રોહિત ફ્રાન્સીસ | ૯/૧૦ | રીયાન એસ. માસ્ટર | ૧૭/૧૦ | એલેક્સ નોએલ ક્રિસ્ટી | ૨૮/૧૦ | કમલેશ એડવીનભાઈ મસિહી |
| ૩/૧૦ | ખ્રિસ્તી જયશ્રી સુનિલભાઈ | ૯/૧૦ | વિનોદ એફ. રાઠોડ | ૧૮/૧૦ | સ્મિતલત્તા રાજેશ ક્રિશ્ચિયન | ૨૮/૧૦ | માર્ટીના તનયકુમાર વાઘેલા |
| ૩/૧૦ | ખ્રિસ્તી રૂચિત સુનિલભાઈ | ૧૩/૧૦ | પ્રતિમા આલાપભાઈ માસ્ટર | ૨૩/૧૦ | શર્મિલા સુદીપ અર્લિક | ૨૯/૧૦ | પ્રફુલ્લ એ. વિન્સેન્ટ |
| ૭/૧૦ | એશલિન નિલય ચૌહાણ | ૧૫/૧૦ | પ્રાર્થન સુનિલભાઈ મેકવાન | ૨૩/૧૦ | રાજશ્રી ડી. મેકવાન (U.S.A.) | ૩૦/૧૦ | સંગીતા નિલેશ પરીખ |
| ૭/૧૦ | એરિક નિલય ચૌહાણ | ૧૬/૧૦ | નેન્સી અતુલભાઈ મહિડા | ૨૪/૧૦ | નોએલ એલ. ક્રિશ્ચિયન | ૩૧/૧૦ | રાજેશ એસ. ક્રિશ્ચિયન (U.S.A.) |
| ૭/૧૦ | આર્નોન થોમસ ક્રિશ્ચિયન | ૧૬/૧૦ | સ્નેહાબેન આર. હિવાળે | ૨૫/૧૦ | નિલય મનોજકુમાર ચૌહાણ | ૩૧/૧૦ | પ્રતિક્ષા સુનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૮/૧૦ | અંકુર એસ. સોલોમન | ૧૭/૧૦ | રોઝમેરી રાજેશભાઈ રાઠોડ | ૨૫/૧૦ | દિશા મિલીન્દ કાપડીઆ | | |